# શહેરની નવરાત્રીમાં ખૈલેયાઓનો અનોખો ઉત્સાહ

**નવરાતના પ્રારંભરિક દિવસોમાં શરૂઆતના બે દિવસ વરસાદ વિઘ્નરૂપ બનતા હવે ખૈલેયાઓ એક પણ મિનિટ બગાડવાના મુડમાં નથી : સેકટરોના શેરી ગરબામાં પણ અનોખો ઉત્સાહ : સંસ્થાકીય ગરબા મહોત્સવમાં અવનવા સ્ટેપ્સ સાથે ગરબે ઘુમતા ખૈલેયાઓ આકર્ષણનુ કેન્દ્ર**








ગાંધીનગર તા ૪

નવરાત મહોત્સવના પ્રારંભે ગરબા પ્રેમીઓ વરસાદી વાદળોથી ભારે ચિંતા સાથે ઉચાટમાં હતા. જયારે પ્રથમ બે નોરતે વરસાદ અને વાવાઝોડાના લીધે ગરબાનુ આયોજન ખોરવાયુ હતુ. આવા સંજોગોમાં ખૈલેયાઓમાં ઉદાસીનતા છવાઈ હતી જયારે વરસાદી વાદળો વિખેરાતા હવે ખૈલેયાઓ પણ મુડમાં આવી ગયા છે. મધ્યાંતરે પહોંચેલા નવરાત મહોત્સવમાં નવદુર્ગાની ભકિતવંદના સાથે ગરબાની રંગત જામી છે. સેકટરોની શેરીઓમાં ગરબાની રમઝટ જામી છે. જયારે સંસ્થાકીય ગરબા મહોત્સવમાં પણ માંઈભકિતનો અનોખો અંદાજ જોવા મળી રહ્યો છે. મંચ પરથી રજુ થતા ગરબાની સાથે વૈવિધ્યસભર ભાતીગળ વસ્ત્રોમાં સજ્જ ખૈલેયાઓ હવે એક મિનિટ પણ બગાડયા વિના મનભરીને ગરબા ઘુમી લેવાના મુડમાં જોવા મળી રહ્યા છે.

નવલી નવરાતના પર્વના પ્રારંભે વરસાદ નડતા મોટો અપસેટ સર્જાયો હતો. આકાશમાં રોજબરોજ વરસાદી વાદળો છવાયેલા રહેતા ગરબા



મહોત્સવના આયોજકો તેમજ ગરબા પ્રેમીઓમાં પણ ચિંતાના વાદળો ઘેરાયા હતા. પરંતુ પ્રથમ બે નવરાતના અંતે આકાશમાંથી વરસાદી વાદળો દુર હટતા વાતાવરણમાં ઉઘાડ નિકળ્યો હતો. જેના લીધે ખૈલેયાઓમાં ખુશીની લહેર વ્યાપી હતી. નવરાતના પ્રારંભે બે દિવસ સુધી ખૈલેયાઓ માટે વરસાદની કનડગત પરેશાનીનુ કારણ બની હતી. પરંતુ વરસાદની સિસ્ટમ રાજસ્થાન તરફ ફંટાયા બાદ આકાશ ચોખ્ખુ થવાની સાથે વાતાવરણમાં ઉઘાડ નિકળ્યો હતો. જેથી ખૈલેયાઓમાં પણ ખુશીની લહેર વ્યાપી હતી. પ્રારંભિક તબક્કામાં વરસાદે નવરાત મહોત્સવની મજા બગાડયા બાદ વરસાદી વાદળો દુર હટતા છેલ્લા બે દિવસથી સેકટરોમાં તેમજ સંસ્થાકીય ગરબા મહોત્સવમાં ગરબાની રમઝટ જામે છે. સાંજ ઢળતા જ ખૈલેયાઓ સોળે શણગાર સજીને ગરબા મેદાન તરફ દોટ લગાવતા નજરે પડે છે. સેકટરોમાં રંગબેરંગી રોશનીની જળહળા વચ્ચે ગરબાની રમઝટ જામે છે. સેકટરવાસીઓ શકિતની ભકિત વંદના સાથે

● અનુસંધાન પાન-૭ પર

## નલ સે જલ યોજનામાં સરકારના માર્ગદર્શનના અભાવે જિલ્લાની ઘોષણા અટકી પડી

**૩૦ ગામમાં ૬૦૦ પરિવારો પાસે આજે પણ નળ કનેક્શન નથી**

ગાંધીનગર, તા. ૩

નલ સે જલ યોજના અંતર્ગત દેશમાં પ્રથમ જિલ્લો બનાવવાની ઈચ્છાઓને સરકારમાંથી યોગ્ય માર્ગદર્શનના અભાવે અધુરી રહી જવા પામી છે.

૨જી ઓકટો.ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા આ અંગેની જાહેરાત થાય તે માટે જિલ્લાની પાયલોટ પ્રોજેકટ તરીકે પસંદગી કરવામાં આવી હતી.

આ માટે તંત્ર દ્વારા મિટીંગોનો ભારે દોર ચલાવાયો હતો એટલુ જ નહિ પરંતુ બે વખત અલગ અલગ રીતે સર્વેની કામગીરી પણ કરવામાં આવી હતી પરંતુ યોગ્ય માર્ગદર્શનના અભાવે આખી વાત ફાઈલોમાં જ અટવાઈ જવા પામી છે.

દિશાની કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહના અધ્યક્ષ પદે બેઠક મળી ત્યારે ૩૦ ગામના ૬૦૦ જેટલા ઘરોમાં જ નળ કનેક્શન નહિ હોવાની વિગતો સર્વેલન્સના આધારે રજુ કરાઈ હતી. મંત્રીએ પણ ઝડપથી આ કામગીરી પૂર્ણ કરવામાં આવે તેવી ટકોર પણ કરી હતી.

મળતી વિગતો મુજબ આ માટે જે કંઈ ખર્ચ કરવાનો થાય તે માટે ૧૦ ટકા રકમ જે તે લાભાર્થી ભરે અને બાકીની ૯૦ ટકા રકમમાંથી ૪૦ ટકા પંચાયત ચુકવે તો ૫૦ ટકા ખર્ચ સરકાર ઉપાડે તેવો વિકલ્પ વિચારાયો હતો.

જો કે જે બાકી રહી ગયેલા પરિવારો છે તે ગરીબ અને પક્ષીપંચના હોવાની વાત પણ બહાર આવતાં ૧૦ ટકા રકમની વાત પડતી મુકવા તેમજ સમગ્ર ખર્ચ સરકારે ઉપાડવો જોઈએ તેવા વિકલ્પ અંગે સરકારમાંથી યોગ્ય માર્ગદર્શન ના આવતાં આખી વાત ફાઈલોમાં અટવાઈ ગઈ હોવાની વાતો તંત્રની ગલિયારીઓમાં ખૂણે ખાંચરે સાંભળવા મળી રહી છે.

હવે આ માટે અલગથી આખો કાર્યક્રમ કરવામાં આવશે અને સરકારમાંથી માર્ગદર્શન આવે તે પછી તંત્ર દ્વારા નવેસરથી કાર્યવાહી થશે તેમ જાણવા મળેલ છે. જો કે હાલ તો સમગ્ર વાત ફાઈલોમાં અટવાતા ૨જી ઓકટો.ના રોજ જિલ્લો રાષ્ટ્રના પ્રથમ જિલ્લો આ યોજના અંતર્ગત બનતો અટકી જવા પામ્યો છે.

## ગાંધીનગર તાલુકો ડેન્ગ્યુ માટે વધુ સંવેદનશીલ

**તંત્રની ટીમોએ આજે ૧૦૦થી વધુ કન્સ્ટ્રકશન સાઈટોની વિઝીટ કરી : પાંચ કન્સ્ટ્રકશન સાઈટના સંચાલકોને નોટીસ**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર તાલુકો વાહકજન્ય રોગચાળામાં થતા ડેન્ગ્યુ માટે વધુ સંવેદનશીલ બન્યો છે. આજે ટીમો દ્વારા આ તાલુકામાં કરાયેલા સર્વેલન્સ દરમ્યાન ૪૯ જેટલા તાવના દર્દીઓ મળતાં તંત્રની ટીમો દ્વારા તેમના લોહીના નમુના લેવામાં આવ્યા છે અને પરીક્ષણ માટે મોકલી અપાયા છે.

તંત્રની ટીમોએ આજે ૧૦૦ થી વધુ કન્સ્ટ્રકશન સાઈટોની પણ વિઝીટ કરી હતી જેમાં પાંચ જેટલી સાઈટો પર ડેન્ગ્યુ મચ્છર ફેલાવતા એડીસ મચ્છરોના ભારે બ્રીડીંગ મળતાં આ સાઈટ સંચાલકોને નોટીસ આપવામાં આવી છે.

તંત્ર દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરી સંપન્ન થઈ છે અત્યાર સુધીમાં ૩૫૦૦થી વધુ તાવના કેસ નોંધાયા છે. જો કે આમાં મેલેરિયા પોઝીટીવના કેસો નહિ હોવાનો દાવો કરતુ તંત્ર ડેન્ગ્યુ માટે મૌન ધારણ કરી લે છે.

જિલ્લામાં ડેન્ગ્યુના દર્દીઓ ગાંધીનગર તાલુકાની તુલનામાં ઓછા અને છુટા છવાયા મળી રહ્યા છે.

જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા એક તરફ સબસલામતની વાતો થાય છે પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ છે. ગાંધીનગર તાલુકામાં વાઈરલ ફિવરના કેસો પણ મોટી સંખ્યામાં નોંધાયા છે.

જિલ્લાની સૌથી મોટી સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. મોટાભાગના દર્દીઓ ડેન્ગ્યુ અને વાઈરલ ફિવરના હોવાનુ પણ હોસ્પિટલના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

## શહેરમાં ડેન્ગ્યુના ૧૨૫થી વધુ કેસ નોંધાતા તંત્ર હરકતમાં આવ્યુ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરમાં ડેન્ગ્યુના નોંધાયેલા કેસોની સંખ્યા ૧૨૫ની આસપાસ પહોંચી જવા પામ્યા છે.

શહેરમાં ડેન્ગ્યુના કેસોએ જે રીતે માથુ ઉંચક્યુ છે તેને લઈ તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. તંત્રએ હાઉસ ટુ હાઉસના કેસો માટે સંવેદનશીલ વિસ્તારો ઓળખી કાઢ્યા છે અને હવે આ વિસ્તારોમાં સઘન સર્વેલન્સ હાથ ધરવામાં આવશે.

તંત્ર દ્વારા જન જાગૃતિ અભિયાન તેમજ એન્ટી લારવેલની કામગીરીને પણ વધુ સઘન બનાવવા માટેની આખી રણનીતિ તૈયાર કરી દીધી છે.

મળતી વિગતો પ્રમાણે ગત વર્ષની તુલનામાં આ વખતે કેસો વધુ નોંધાયા છે તેમજ જે કેસો નોંધાતા ગયા તેના બદલે આ વખતે નવા વિસ્તારો વધુ જોવા મળ્યા છે. શહેર એ અમદાવાદની નજીક હોવાથી અહિનો રોજીંદો વ્યવહાર પણ અમદાવાદ સાથે વધુ હોવાથી કેસો મળી રહ્યાની વાતનું રટણ તંત્રના સૂત્રો કરી રહ્યા છે.

આ વખતે નોંધાયેલા કેસોમાં બાળકો તેમજ મહિલા દર્દીઓની સંખ્યા પણ વધારે જોવા મળી છે તેથી તંત્રની ચિંતામાં વધારો થયો છે. તંત્ર દ્વારા વરસાદ રોકાઈ જતાં હવે સર્વેલન્સની સાથે એન્ટી લારવેલની કામગીરીને પૂરજોશમાં હાથ ધરવાનો નિર્ણય કર્યો છે.

## વરસાદી દિવસોના અંતે હવે સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરાશે

ગાંધીનગર તા ૪

શહેરમાં છેલ્લા ત્રણ મહીનાથી માર્ગ સુધારણાનુ કામ બંધ છે. જયારે હવે વરસાદી દિવસોના અંતે નવરાત બાદ સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી શરૂ કરવામાં આવશે. સેકટરોમાં આંતરિક માર્ગ સુધારણાનુ કામ છેલ્લા ઘણાં સમયથી બાકી છે. ગત વાઈબ્રન્ટ સમિટ વેળાએ નગરના મુખ્યમાર્ગોની કાયાપલટ કરવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. જયારે મુખ્યમાર્ગોની સુધારણા ઉપરાંત બ્યુટીફિકેશન પાછળ પણ તોતિંગ ખર્ચ કરાયો હતો. પરંતુ સેકટરોના આંતરિક માર્ગોની દશા સુધારવા માટે કોઈ આયોજન થયુ ન હતુ જેના લીધે લાંબા સમયથી સેકટરોના આંતરિક માર્ગોની દશા

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ
સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-3ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર,
કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન)
ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા,
સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર
તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com